# ચિત્રલેખા

*1950*થી સદા અગ્રસર




૧૩ ઑક્ટોબર, ૨૦૨૫ | ₹૬૦
chitralekha.com

ઈન્ટરનૅશનલ સ્માઈલ ડે

## સ્મિત... ખુશીના સૂરજ તરફ ખીલતું જીવન



ચિત્રલેખા
પ્રિયદર્શિની
૧૩ ઑક્ટોબર, ૨૦૨૫ આજની ટ્રેન્ડી-શનલ નારીનું મૅગેઝિન

સિદ્ધિ મોનાલિસા પરીખ

# કેન્વાસ પર ખીલવ્યાં શ્રદ્ધાનાં સુમન

**ચિત્રકળાનો શોખ એને નાનપણથી. સમય–સંજોગથી કળાક્ષેત્રે શિક્ષણ ન મળ્યું અને કરિયર જુદી દિશામાં ફંટાઈ ગઈ. જો કે ગૃહસ્થીમાં ઠરીઠામ થયાનાં વર્ષો પછી એણે ફરી પેન્ટિંગ્સ પર હાથ અજમાવ્યો ને લો, એનાં ચિત્ર પ્રદર્શન નામાંકિત આર્ટ ગૅલરીમાં યોજાવા માંડ્યાં. મળીએ, મુંબઈનાં આ કલાવંત માનુનીને.**

**સમીર પાલેજા**


*સારું થયું છોકરીને જે.જે.માં ઍડ્મિશન ન મળ્યું. ભલું થયું ભાંગી જંજાળ...*


મુંબઈની પ્રસિદ્ધ જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં દીકરી મોનાલિસાને પ્રવેશ ન મળ્યો ત્યારે પિતા બિપિનચંદ્ર રાજી થઈ ગયા હતા. એક તો એમને પહેલેથી જ ઈચ્છા હતી કે પુત્રી પણ પોતાની જેમ પેથોલૉજિસ્ટ બને. એ એમ પણ માનતા કે ચિત્રકામની લાઈનમાં પૈસા બહુ નહીં મળે.

છેવટે દીકરી પેથોલૉજી ભણી ખરી અને મુંબઈમાં તે વખતે ખ્યાતનામ *ડૉ. અમીન્સ લૅબ*માં અમુક વર્ષ કામ પણ કર્યું. જો કે જીવનના આગળના તબક્કામાં એ છોકરીના હાથ આખરે તો પીંછી તરફ વળી જ ગયા.

હવે વર્તમાનમાં આવીએ તો, મોહમયી મુંબઈના ઉપનગર સાંતાક્રુઝના એક આલીશાન ઘરમાં અમે આર્ટિસ્ટ મોનાલિસા પરીખને મળીએ છીએ. સુઘડતાથી સજાવેલા વિશાળ ફ્લૅટમાં એમણે જાતે બનાવેલાં અમુક પેન્ટિંગ્સ દીવાલોની શોભા વધારે છે. હમણાં મુંબઈની અતિ જાણીતી *જહાંગીર આર્ટ ગૅલરી*માં એમનાં ચિત્રોનું પ્રદર્શન સંપન્ન થયું, એનો સંતોષ એમના ચહેરા પર છલકે છે. સાથે જ આગામી દિવસોમાં યોજાનારા










***આધ્યાત્મિક વિષયનાં ચિત્રોમાં રહી જતી નાનીસરખી ક્ષતિ પણ ભાવકો પકડી પાડતા હોવાથી ચિત્રકારે કૅન્વાસ પર પીંછીના લસરકા***

*મુંબઈ આર્ટ ફેસ્ટિવલ*માં સહભાગી થવાની તૈયારીમાં પણ એ ડૂબેલાં છે.

મોનાલિસા પરીખ *પ્રિયદર્શિની*ને કહે છેઃ ‘પપ્પાની ઈચ્છાથી પેથોલૉજીમાં કરિયર બનાવી ત્યારે એમણે ઘરની લૅબમાં ન રાખી, પણ એશિયાની તત્કાલીન સૌથી મોટી અને સૌથી આધુનિક *ડૉ. અમીન્સ લૅબ*માં મોકલી. સમય જતાં મૅરેજ થયાં એટલે ગૃહસ્થીમાં ધ્યાન આપવા લૅબ છોડી. શરૂઆતનાં વર્ષો તો ફૅમિલી અને દીકરા-દીકરીના ઉછેરમાં નીકળી ગયાં. દરમિયાન સાસુજીને કિડનીની તકલીફ થઈ. એમની પાસે ડાયાલિસિસ વખતે બેસવું પડે. બેઠાં







*મારતાં પહેલાં ખૂબ અભ્યાસ કરવો પડે છે.*

બેઠાં કાગળ પર લિસોટા પાડીને જૂનો શોખ જીવંત કરવા માંડી. શરૂઆતમાં નાના કાગળ, પછી મોટા પેપર અને છેવટે કૅન્વાસ પર મારા વિચારો ચિત્રમાં ફેરવાતા ગયા.'

કહેવાની જરૂર નથી કે મોનાલિસાબહેનને પતિ દિગંતભાઈ, સંતાનો, નણંદ, બહેન-બનેવી સહિત પરિવારજનોનો પૂર્ણ સહયોગ અને પ્રોત્સાહન મળ્યાં. બધાં કહે, *પેન્ટિંગ્સનું કલેક્શન હવે પ્રદર્શનમાં મૂકો.* મોનાલિસાબહેને નાનપણમાં ચિત્રકામની પરીક્ષાઓ તો આપી જ હતી અને સ્કૂલના સાથીઓને ચિત્ર પ્રોજેક્ટ્સ પણ ઘણા કરી આપ્યા હતા. પાછળથી એ ચિત્રકળાનો શોખ ફરી જાગ્રત થયો ત્યારે *જે.જે. સ્કૂલ* સહિતની સંસ્થાઓમાં નાના-મોટા અનેક કોર્સ પણ કરી લીધા, જેથી કળામાં ફિનિશિંગ લાવીને એને એક્ઝિબિશન યોગ્ય બનાવી શકાય.

મુંબઈનાં આ મહિલા ચિત્રકાર ઘણું કરીને સ્પિરિચ્યુઅલ અર્થાત્ આધ્યાત્મિક ફિલસૂફી, દેવી-દેવતા, પ્રતીકો, વગેરેને કાગળ પર ઉતારે છે. શ્રીયંત્ર, ગણેશયંત્ર, શિવજી, કૃષ્ણ, શ્રીનાથજીના શૃંગાર ઉપરાંત ઓમકાર અને મંડલા આર્ટ એમના થીમ હોય છે. વ્યવસાયી ચિત્રકાર તરીકે એમને પહેલો બ્રેક કેટલાંક વર્ષ પૂર્વે રેલવે પરિસરના સુશોભનથી મળ્યો. પછી આત્મવિશ્વાસ વધ્યો એટલે પસંદગીનાં એક્ઝિબિશન્સમાં ભાગ લેવા માંડ્યાં. કોવિડ લૉકડાઉન બાદ તુરંત *જહાંગીર આર્ટ ગૅલરી*ની કમિટીએ એમને પહેલું સોલો પ્રદર્શન કરવાની પરવાનગી આપી એ સૌથી મહત્ત્વનું પગથિયું. ત્યારથી નામ એવું ચમક્યું કે આગળ જતાં દિલ્હીની *લલિત કલા અકાદમી*માં પણ એક્ઝિબિશન થયું, જેના ઉદ્ઘાટનમાં તત્કાલીન મંત્રી અર્જુનરામ મેઘવાલ પણ આવેલા. અમદાવાદના કળાપ્રેમીઓએ *હઠીસિંગ ગૅલરી*માં એમનાં પેન્ટિંગ્સ જોયાં અને વખાણ્યાં. હમણાં *જહાંગીર આર્ટ ગૅલરી*માં એમનાં પેન્ટિંગ્સનું બીજું એક્ઝિબિશન યોજાયું, એમાં બાવીસેક ચિત્રો વેચાયાં. હવે *મુંબઈ આર્ટ ફેર*માં પણ મોનાલિસાબહેન ચિત્રો મૂકશે.

એ કહે છેઃ 'મારાં પેન્ટિંગ્સમાં મુખ્ય તો આધ્યાત્મિકતાનો વિષય હોવાથી કૅન્વાસ પર વિચારો ઉતારતાં પહેલાં અભ્યાસ ઘણો કરું. પછી પૂર્વતૈયારી રૂપે નાના કાગળ પર દોર્યા રાખું. એક વાર બધું બરાબર બેસે પછી જ કૅન્વાસ લઉં. પેન્સિલ, પેન, ઍક્રેલિક, ક્રેયોન ઉપરાંત મેટલ સુદ્ધાંનો ઉપયોગ કરું. કૅન્વાસ પૂરો કરવામાં ટુકડે ટુકડે દસથી પંદર કલાક થાય. દરેક ચિત્રની નીચે લખાણના માધ્યમથી વિષય વિશેની મારી સમજ વ્યક્ત કરવાની મને આદત છે.'

કોઈ પણ કલાકારને પોતાની કળાનાં વખાણ અને કદર તો ગમે જ એમ જણાવીને મોનાલિસા પરીખ કહે છે કે મારા માટે ચિત્રોનું વેચાણ કે પૈસા મહત્ત્વનાં નથી, પણ કોઈ મારું પેન્ટિંગ પોતાના ઘરમાં મૂકવા માટે લઈ ગયું એને જ હું મોટી વાત ગણું છે. ચિત્રો ન વેચાય તો વાંધો નહીં, પણ લોકો જોવા આવે, માણે, એ વિશે પ્રશ્નો પૂછે, પોતાનો અભિપ્રાય અથવા વિચારો વ્યક્ત કરે તો પણ ગમે. નવી પેઢી, ખાસ તો આર્ટ સ્ટુડન્ટ્સ પણ મોટી સંખ્યામાં પ્રદર્શનોમાં આવે છે અને કલાકારો સાથે ચર્ચા પણ કરે છે.

ચિત્રકારો સામાન્ય રીતે પોતાના વિચારો, લાગણી, ભાવના, અંતરના અવાજને કૅન્વાસ પર તાદૃશ્ય કરતા હોય છે, પણ આવક મેળવવા ક્યારેક ગ્રાહકો માટે મેડ ટુ ઑર્ડર ચિત્રો પણ બનાવવાં પડે. આ વિશે મોનાલિસા પરીખ કહે છેઃ 'મેં બનાવી રાખેલાં પેન્ટિંગ્સ કોઈ ખરીદે તો સ્વાભાવિક રીતે જ મને ગમે. ક્લાયન્ટ તરીકે કોઈ સૂચના આપીને મારી પાસે ચિત્રો બનાવવા માગે તો મારી વિચારશક્તિ કુંઠિત થઈ જાય. કલાકાર તરીકે મારે સર્જનશક્તિ એ સૂચનાઓમાં જ સીમિત રાખવી પડે. તેમ છતાં કોઈ મેડ ટુ ઑર્ડર ચિત્રો બનાવડાવવા માગે તો મારો આગ્રહ રહે કે મને ફક્ત એટલું કહી દો, ઑફિસ, ઘર કે બીજા કયા સ્થાનમાં પેન્ટિંગ રાખવું છે, પછી હું મુક્ત વિચારથી એ પેન્ટિંગ બનાવીશ.'

સાંજે સાત વાગ્યે ઘરનોકરો વિદાય લે ત્યાર પછી એકાંતમાં ચિત્રસર્જન કરતાં મોનાલિસાબહેનના પતિ દિગંતભાઈ દિલ્હીમાં એક ડિફેન્સ કંપનીમાં ઉચ્ચ પદે કાર્યરત હોવાથી વીકએન્ડ્સમાં જ મુંબઈમાં હોય છે. કળાપારખું અને કળાશોખીન દિગંતભાઈ ઈચ્છે છે કે એમની પત્નીનાં પેન્ટિંગ્સ જે પણ ખરીદે એને મૂલ્યવૃદ્ધિ આપવી જોઈએ. મુંબઈમાં હોય ત્યારે એ પણ પત્ની સાથે એક્ઝિબિશન્સ, વગેરે જોવાનું પસંદ કરે છે. એમની દીકરી જોધપુરની *નૅશનલ લૉ યુનિવર્સિટી*માં ભણે છે અને એન્જિનિયર દીકરો અમેરિકામાં *ટેસ્લા* કંપનીમાં સૅટલ છે.

ગોઠડીના અંતે અમે પૂછીએ છીએ કે તમારા નામનું રહસ્ય શું છે? ત્યારે મોનાલિસા પરીખ સ્માઈલ સાથે કહે છે કે થોડાં વર્ષ પહેલાં અમે પપ્પા સાથે પેરિસ ગયાં ત્યારે *લૂવ્ર મ્યુઝિયમ*માં પપ્પા મોનાલિસાના પેન્ટિંગ સામે ઊભા રહીને હસતાં હસતાં મને કહે કે આના પરથી જ તારું નામ રાખ્યું છે. મારા માટે એ જીવનનું શ્રેષ્ઠ દૃશ્ય હતું.

■ *તસવીરોઃ* ***દીપક ધુરી***